# મોદીએ લોંગેવાલ પોસ્ટ પર જવાનો સાથે દિવાળી ઉજવી

**દર વર્ષની જેમ જવાનો સાથે દિવાળી ઉજવતા મોદી : ચીફ ઓફ ડિફેન્સ રાવત, લશ્કરની વડા નરવાણે, એર ચીફ માર્શલ ભદોરિયા અને બીએસએફના ડીજી હાજર**



નવી દિલ્હી, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દર વર્ષની જેમ આ વર્ષએ પણ દિવાળી પર્વ દેશના વીર જવાનો સાથે મનાવવાનો શિરસ્તો જાળવી રાખ્યો છે. પીએમ શનિવારે રાજસ્થાનના જેસલમેર સ્થિત લોંગેવાલા પોસ્ટ પહોંચ્યા છે. તેમની સાથે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત, લશ્કરના વડા એમ એમ નરવાણે, એર ચીફ માર્શલ આરકેએસ ભદોરિયા તેમજ બીએસએફના ડીજી રાકેશ અસ્થાના પણ હાજર છે.

જેલસમેરમાં લોંગેવાલા પોસ્ટ નજીક ભારત-પાકિસ્તાન બોર્ડર આવેલી છે. આ બોર્ડર પર બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના જવાનો સુરક્ષા માટે તૈનાત હોય છે. જગવિખ્યાત તનૌટ માતાનું મંદિર પણ અહીં આવેલું છે. પીએમ નરેન્દ્ર મોદી લોંગેવાલા બોર્ડર પર બીએસએફ જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી રહ્યા છે.

આ અગાઉ પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને દિવાળીના પર્વની શુભેચ્છા ટ્વીટ કરીને પાઠવી હતી. વડાપ્રધાને કહ્યું કે તમામ દેશવાસીઓને દિવાળીની હાર્દિક શુભકામના, આ પર્વ તમારા સૌ માટે તેજસ્વી અને ખુશહાલીમય રહે. સૌ કોઈ સમૃદ્ધિવાન અને આરોગ્યમય રહે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ ઓક્ટોબરના તેમના મન કી બાત રેડિયો કાર્યક્રમમાં દેશવાસીઓને આ દિવાળી પર એક દિવડો દેશના જવાનોના નામે પ્રગટાવવાની પણ અપીલ કરી હતી. દેશની સુરક્ષામાં નિસ્વાર્થપણે તૈનાત જવાનોના સન્માનમાં એક દિવડો પ્રજ્વિલત કરવા પીએમએ નાગરિકોને જણાવ્યું હતું.

## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી



મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | અમાવસ્યા ૧૦:૩૬ સુધી, ત્યાર બાદ પ્રતિપદા |
| વાર | રવિ |
| નક્ષત્ર | વિશાખા સાંજે ૫:૧૬ સુધી ત્યાર પછી અનુરાધા |
| કરણ | નાગ સવારે ૧૦:૩૬ સુધી, પછી કિંસ્તુઘ્ન રાત્રે ૮:૪૯ સુધી, ત્યાર બાદ બવ |
| યોગ | શોભનરાત્રે ૧૧:૦૭ સુધી, પછી અતિગંડ |
| આજની રાશિ | તુલા સવારે ૧૧:૫૮ સુધી, ત્યાર બાદ વૃશ્ચિક |
| રાશિના અક્ષરો | ર. ત. સવારે ૧૧:૫૮ સુધી, ત્યાર બાદ ન. ય. |
| સૂર્યોદય | સવારે ૬:૫૩ |
| સૂર્યાસ્ત | સાજે ૫:૫૪ |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**

દિવસની શરૂઆત સરસ થાય. આપનો મૂડ પણ સારો રહે અને આપ અન્ય લોકોને આનંદમાં રાખવાં પ્રયત્નશીલ રહો. આજે બપોરે ૧૨ પછી તબિયત સાચવજો અને ખાનપાનમાં પણ ધ્યાન રાખજો. આ સિવાય કોઈ તકલીફ જણાતી નથી. આખો દિવસ આમ તો આનંદમાં જ વિતવાનો છે.

**વૃષભ (બ. વ. ઉ.)**

આજે સવારથી થોડી મહેનત વધુ પડવાની છે. તહેવારની જવાબદારી જાણે આપના માથે હોય તેવું લાગશે. અન્ય પરિવારજનો કરતાં આપ વધુ મહેનત કરીને બધું ઓર્ગેનાઈઝ કરશો. બપોર પછી જીવનસાથી પરત્વે કોઈ પ્રકારની નારાજગી ન થાય એ જોજો. આજે બહુ જીદ ન કરતાં અને ફ્લેક્સિબલ રહેજો.

**મિથુન (ક. છ. ઘ)**

દિવસ સરસ ઉગશે. આપને તાજગીનો અનુભવ થશે. એવું લાગશે કે નવી ઊર્જાનો સંચાર થઈ રહ્યો છે. બપોરે ૧૨ વાગ્યા પછી આપની ઊર્જા ઘટતી જણાશે અથવા થોડા થાકનો અનુભવ થશે. બને તો આજે બપોરે આરામ ખેંચી પાડવો. આજે પરિવારજનો સાથે સરસ સમય વિતશે.

**કર્ક (ડ. હ.)**

આપના માટે આજનો દિવસ બહુ જ સરસ છે. દિલથી ડેકોરેશન કરશો, દિલથી જમવાનું બનાવશો. આપ એવું જોશો કે પરિવારજનો આપનાથી ખુશ રહે. આજના દિવસે આપનો ટાર્ગેટ એ જ હશે કે તહેવાર સરસ રીતે ઉજ્વાવો જોઈએ. ઓવરઓલ આજનો દિવસ બહુ સરસ વીતશે.

**સિંહ (મ. ટ.)**

આજના દિવસે આપનું ધ્યાન આપ કેવાં દેખાવ છો, આપનું ઘર કેવું સજાવેલું છે વિગેરે પરત્વે આપનું ધ્યાન રહેશે. આપ ઈચ્છશો કે લોકો આપના વખાણ કરે. એનાથી આપનું મોરલ બુસ્ટ થઈ જશે. આપની માટે તારીફ ખુબ જ મહત્વની છે. આજે આપ સારા મૂડમાં રહેશો.

**કન્યા (પ. ઠ. ણ)**

આજે આપ તહેવાર ઉજવશો પણ સાથે સાથે ઘડીયાળના કાંટે જીવન જીવશો. અર્થાત, સમયસર જાગી જશો, બપોરે આરામ પણ કરશો. જાતને બહુ શ્રમ નહીં આપો. આપ એવું ઈચ્છશો કે બહુ લોકોને મળવાનું ન થાય. આપ હેલ્થ કોન્શિયસ છો જેથી ઘરે મેળાવડો નહીં જ થવા દો.

**તુલા (ર. ત.)**

જીવનમાં બધું સરસ અને બરાબર છે તેવું લાગશે. આપને પોતાના અંગત વાતાવરણ – કે ઘરનાં વાતાવરણ, ડેકોરેશન વિગેરે પ્રત્યે ગર્વ થશે જ્યારે લોકો વખાણશે. બપોર પછી આપ ખરીદી કરવાના મૂડમાં હશો. પરિવારને આપ બહુ ખુશ કરશો.

**વૃશ્ચિક (ન. ય.)**

આજનો દિવસ ધીમી ગતિના સમાચારની જેમ શરુ થશે પણ બપોરે ૧૨ વાગ્યા પછી જરા ગાડી ગિયરમાં આવશે. આપ બહુ શ્રમ પડે એવું કશું નહીં કરો. આરામથી દિવસ વિતાવશો. આપને બપોર પછી અકારણ ગુસ્સો આવી શકે. બને ત્યાં સુધી ઈગો કલેશમાં ન ઉતરવું.

**ધન (ભ. ફ. ધ. ઢ)**

દિવસની શરૂઆત સરસ થશે. મૂડ અને તબિયત બંને સરસ રહેશે. પણ બપોરે ૧૨ વાગ્યા પછી અચાનક તબિયત ખરાબ થાય એવું બને અથવા શરીર દુ:ખે અને આપને ફરજીયાત આરામ કરવો પડે તેવું બને. આજે આરામ કરજો અને બહુ શ્રમ પડે એવું કંઈ ન કરતાં. દિવસ બહુ સારો નથી.

**મકર (ખ. જ.)**

આજે આપ ધીરે ધીરે દિવસની શરૂઆત કરશો. એવું નહીં થાય કે આપ તહેવાર હોવાથી બહુ દોડાદોડી કરો. આપ બને ત્યાં સુધી આરામથી તૈયાર થશો, આરામથી દરેક પ્રવૃત્તિ કરશો. બપોર પછી તો આપ વામકુક્ષી કરવાના જ. મોજ કરો આજે અને કામ ન કરતાં. પરિવારને સમય આપજો.

**કુંભ (ગ. શ. સ.)**

આજે દિવસ સરસ શરુ થશે પણ દિવસની અથવા આપના કામના પ્લાનિંગની બાગડોર બીજું કોઈ હાથમાં લેશે તો આપને નહીં ગમે. આજે આમ આપ ફેસ્ટીવ મૂડમાં હશો પણ કશુંક ખૂટે છે – અધૂરું છે – એવી ભાવનાથી પીડાશો. આજનો દિવસ આપને થકવી દેશે એવું મને લાગે છે.

**મીન (દ. ચ. ઝ. થ)**

આજે મસ્ત તૈયાર થશો. સરસ મૂડમાં રહેશો. કદાચ લોન્ગ ડ્રાઈવ ઉપર પણ જશો. મિત્રોને પણ સાથે લઈ જશો. જો ક્રિએટિવ વ્યક્તિ છો, તો એમાં સમય આપશો. બહુ બધાં લોકોને મળતાં નહીં, નહીંતો બિમાર પડી જશો. આપ નાજુક છો. આપને સાવચેત રહેવાનું છે ચેપી રોગોથી.

# ભાજપે નવ રાજયના પ્રભારીઓની યાદી જાહેર કરી

**ગુજરાતના પ્રભારી તરીકે મહાસચિવ ભૂપેન્દ્ર યાદવને જવાબદારી સોંપાઈ : પશ્ચિમ બંગાળનો હવાલો પક્ષના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયને સોંપ્યો**

નવી દિલ્હી,તા.૧૪

ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ રાજયોના નવા પ્રભારીઓના નામની જાહેરાત કરી દીધી છે. પૂર્વ મહાસચિવ રામ માધવ અને અનિલ જૈનને કોઈ પણ પ્રદેશનો કાર્યભાર સોંપવામાં આવ્યો નથી. જ્યારે પૂર્વ મહાસચિવ મુરલીધર રાવને મહત્વપૂર્ણ એવા મધ્ય પ્રદેશ રાજ્યનો પ્રભાર આપવામાં આવ્યો છે. નવા પ્રભારીઓની જાહેરાતમાં મહાસચિવ ભૂપેન્દ્ર યાદવને એકવાર ફરીથી ગુજરાત અને બિહારના પ્રભારી બનાવવામાં આવ્યા છે. જ્યારે બીજા મહાસચિવ અરુણ સિંહ પાસેથી ઓડિશાનો પ્રભાર તો લઈ લેવાયો પરંતુ તેમને કર્ણાટક અને રાજસ્થાન જેવા મહત્વના રાજ્યોના પ્રભારી બનાવવામાં આવ્યા છે. પાર્ટી શાસિત હરિયાણાનો પ્રભાર અત્યાર સુધી અનિલ જૈન સંભાળતા હતા. પરંતુ હવે આ જવાબદારી મહારાષ્ટ્રના કદાવર નેતા વિનોદ તાવડેને અપાઈ છે. પાર્ટી માટે હાલ રાજકીય હલચલને લઈને જો સૌથી મહત્વનું રાજ્ય હોય તો તે છે પશ્ચિમ બંગાળ. જેપી નડ્ડાએ એકવાર ફરીથી બંગાળનો પ્રભાર પાર્ટી મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયે સોંપ્યો છે. બંગાળમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી થવાની છે અને ગૃહમંત્રી અમિત શાહ પોતે બંગાળ પર નજર રાખી રહ્યા છે. કૈલાશ વિજયવર્ગીયએ હાઈકમાનની રણનીતિના અમલીકરણમાં કોઈ કસર છોડી નથી.

ભૂપેન્દ્ર યાદવને કિસાન મોરચાના પ્રભારી બનાવવામાં આવ્યા છે. જ્યારે દુષ્યંત ગૌતમને મહિલા મોરચાના પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ સાથે જ ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડાએ પોતાની ટીમની લગભગ જાહેરાત કરી દીધી છે. જો કે હજુ પણ કાર્યકારિણીની જાહેરાત થવાની બાકી છે. તે વખતે ખબર પડશે કે શક્તિશાળી પાર્ટીના સંસદીય બોર્ડમાં કોને કોને સામેલ કરવામાં આવ્યા છે. હાલ આ બોર્ડમાં ૪ જગ્યા ખાલી છે. જેને પણ જગ્યા મળશે તેની રાજકીય હેસિયત અન્ય કરતા વધુ હશે.


સર્વે ભક્તજનોને દિવાળીની હાર્દિક શુભકામનાઓ...

રજી.નં. A/૧૧ મહેસાણા

**શ્રી ગણપતિ મંદિર સંસ્થા, ઐઠોર**

મો. ૯૫૧૦૨૫૩૫૫૫, ફોન : ૦૨૭૬૭-૨૫૩૫૫૫





સૃષ્ટિના આરાધ્ય દેવ શ્રી ડાભી સુંઢાળા શ્રી ગણપતિ દાદા ઐઠોર ગામે બિરાજમાન છે તો દર્શનાર્થીઓની માગણીને ધ્યાને લઈ તેમના સ્વજનોની જન્મતિથી, મૃત્યુતિથી કે કોઈપણ પ્રસંગની કાયમી યાદગીરી માટેની શ્રી ગણપતિ મંદિરમાં નીચે મુજબની કાયમી તીથી યોજનાઓ ૧૫ પંદર વર્ષ માટે નોંધવાનું ચાલુ કરેલ છે. તો વહેલા તે પહેલાના ધોરણે નોંધાવી લાભ લેવા માટે વિનંતી છે.

નીચે મુજબની યોજનાઓનો લાભ લઈ શકશો.


| | |
|---|---|
| (૧) કાયમી હવન | ૧૫,૦૦૧/- |
| (૨) કાયમી અખંડ જ્યોત | ૧,૨૫૧/- |
| (૩) કાયમી ફૂલહાર | ૧,૦૦૧/- |
| (૪) કાયમી પ્રસાદી | ૧,૧૦૧/- |
| (૫) રાત્રી થાળ | ૧,૦૦૧/- |
| (૬) પંખી ચણ | ૩,૧૦૧/- |

ટ્રસ્ટી ગણ

| | | |
|---|---|---|
| પટેલ જયંતીભાઈ જોઈતારામ | પ્રમુખશ્રી | ૯૯૭૮૨ ૫૯૦૭૨ |
| ચૌધરી મુકેશભાઈ ઈશ્વરભાઈ | ઉપપ્રમુખશ્રી | ૯૩૨૭૩ ૩૦૨૫૬ |
| પટેલ મહેન્દ્રભાઈ ધનજીભાઈ | ટ્રસ્ટીશ્રી | ૮૪૬૯૨ ૭૭૦૭૧ |
| શાહ પરેશભાઈ ગણપતલાલ | ટ્રસ્ટીશ્રી | ૯૯૭૯૪ ૦૨૭૨૯ |
| પટેલ રમેશભાઈ ઈશ્વરભાઈ | ટ્રસ્ટીશ્રી | ૯૩૨૭૦ ૦૭૯૨૧ |
| ચૌધરી મહેશભાઈ જીવરામભાઈ | માનદ્ મંત્રીશ્રી | ૯૭૧૪૧ ૪૯૧૧૬ |
| પટેલ બાબુભાઈ જેઠાભાઈ | માનદ્ મંત્રીશ્રી | ૮૯૮૦૯ ૦૯૭૯૭ |

તથા સમસ્ત ઐઠોર ગામ





**ઊંઝા નગરપાલિકા - ઊંઝા.**

**શુભ દિપાવલી**

'શુભ-દિપાવલી' ઉત્સવ ઉલ્લાસ સાથે ઉમંગભેર ઉજવણીનું
ભારતીય સમાજનું ધાર્મિક 'મહાપર્વ'
આપણા નગરના ઉત્કૃષ્ઠ વિકાસના સહભાગી નગરજનોને

**નૂતન વર્ષના હાર્દિક અભિનંદન...**

સૌ નગરજનો આપણું સમસ્ત જીવન સદ્‌વિચાર સદાચાર અને સદ્‌ભાવના થી સુરભિમય બને તેવો સંનિષ્ઠ પ્રયાસ કરીએ.
આપણી જીવન દૃષ્ટિને વિશાળ-ઉદાર-પવિત્ર-ઉર્ધ્વગામી અને અંતર્મુખી બનાવવાનો પુરૂષાર્થ આદરીએ,વિવેકપૂર્ણ જીવવાની જીવનકળા નૂતનવર્ષમાં આપણને સૌને પ્રાપ્ત થાઓ.

મણીલાલ બી. પટેલ
(ઘી વાળા)
પ્રમુખશ્રી:નગરપાલિકા, ઊંઝા.

**નગરપાલિકા પરિવાર-ઊંઝા.**

**નૂતન વર્ષાભિનંદન...**

સર્વે વેપારી મિત્રો, ખેડૂતો શુભેચ્છકોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...

ખુલ્લી હરાજી ખરૂ તોલ રોકડા નાણાં

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા.**

માર્કેટયાર્ડ, ઉનાવા

ફોન નં. : (ઓ) ૨૫૪૨૫૦ સેક્રેટરીશ્રી મો. ૯૮૨૫૦૪૬૮૬૯

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવામાં ખેત ઉત્પાદનના માલો જેવા કે, જીરૂ, વરીયાળી, રાયડો, એરંડા વિગેરે તેમજ રૂ, કાલાં કપાસ, તમાકુની જાહેર ખુલ્લી હરાજીથી ખરીદ વેચાણ કરવા તેમજ ખરૂ તોલ, રોકડા નાણાં અને બજાર સમિતિ તરફથી ઉભી કરાયેલ અદ્યતન સુવિધાઓનો લાભ લેવા ખેડૂતો તેમજ વેપારીઓને આગ્રહભરી વિનંતી છે.

નોંધ :- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવામાં અદ્યતન કોટન જીનીંગ પ્રોસેસીંગ યુનીટ બનાવેલ છે. તો ખેડૂતોએ ઉનાવા માર્કેટયાર્ડમાં કપાસનું વેચાણ કરવા આગ્રહ રાખવો. તેમજ કોલ્ડસ્ટોરેજમાં માલ સાચવવાની ઉત્તમ સગવડ છે. તેમજ કેન્ટીનમાં જમવાની ઉત્તમ ઉત્તમ વ્યવસ્થા પણ છે.

જય કિસાન

| રાજેન્દ્રકુમાર કે. પટેલ | અમૃતભાઈ વી. પટેલ | ભીખાભાઈ વી. પટેલ |
|---|---|---|
| સેક્રેટરીશ્રી | વાઈસ ચેરમેનશ્રી | ચેરમેનશ્રી |

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા.**

**સર્વને નૂતન વર્ષાભિનંદન...**

**અન્નક્ષેત્ર અને જીવદયા કલ્યાણ ટ્રસ્ટ, કંથરાવી**

: અન્નક્ષેત્ર સ્થળ :

**શ્રી રામ દેવપીર મંદિર**

મુ.પો. કંથરાવી, તા. ઊંઝા

- જરૂરિયાતમંદોનો આધાર બનેલ અન્નક્ષેત્ર.
- આસપાસના કેટલાયે ગામોમાં ઘેર બેઠાં નિ:શુલ્ક ટિફીન સેવા.
- સવાર-સાંજ બે ટાઈમ શુદ્ધ સાત્વિક ગરમ ભોજન.
- છેલ્લા અગિયાર વર્ષથી અવિરત ચાલી રહેલ પુણ્યકાર્ય.

નોંધ : રજી. થયેલ અન્નક્ષેત્રના સંચાલનમાં સેવાભાવી દાતાઓ, સદ્‌ગૃહસ્થો, પ્રજાજનો તરફથી યથાશક્તિ જરૂરી ચીજવસ્તુઓ, દાન, ભેટ સ્વીકાર્ય છે.

સૌજન્ય :
ટ્રસ્ટી/સંચાલકશ્રી નરસિંહભાઈ પટેલ કંથરાવી
મો.નં. : ૯૭૨૭૫૩૦૭૮૫

**સૌને દિપાવલીની હાર્દિક શુભકામનાઓ ...**



વિપુલભાઈ પટેલ
(ઉપકાર)
તાલુકા પંચાયત પ્રમુખ, ઊંઝા

મંગલમય શુભ પ્રભાતથી શરૂ થતુ નવુ વર્ષ
આપ સૌને આનંદ અને ફળદાયી નીવડે તેવી શુભકામનાઓ

મહેસાણા જિલ્લાના સર્વને નૂતન વર્ષા અભિનંદન સહ...
ખૂબ ખૂબ શુભેચ્છાઓ



**મહેશભાઈ આઈ. બારોટ**
જિલ્લા પ્રતિનિધિ - ગાંધીનગર સમાચાર
મો. : ૯૯૭૯૪૦૫૨૩૩